॥ સનાતન પરમો ધર્મ ॥

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

સોશીયલ મિડીયા

પ્રચાર પ્રસાર જાગૃત ઉજાગર

સનાતન ધર્મ પત્રિકા

FOR MEMBERS INTERNAL CIRCULAR

સં - ૨૦૭૯ | માગશર સુદ : ૦૯ | શનિવાર | તા.: ૦૩.૧૨.૨૦૨૨ | SDP No. : 954 | Mob.: +91 7801877774, +91 7718977774 | ankasantandharmaptrika@gmail.com

સમૂહ લગ્નોત્સવની મીટીંગ અંગે સંદેશ

જય લક્ષ્મીનારાયણ સહ જણાવવાનું કે આવતા રવિવારે કેન્દ્રિય સમાજ- સાબરકાંઠા ઝોન દ્વારા આયોજિત સમૂહ લગ્નોત્સવમાં સેવા આપનાર તમામ સ્વયંસેવક ભાઈઓ તથા સમૂહ લગ્ન સંલગ્ન તમામ સમાજોના હોદ્દેદારોની એક અગત્યની મિટિંગનું આયોજન તા.૦૩/૧૨/૨૦૨૨ ને શનિવારના રોજ બપોરે ૨.૦૦ કલાકે સમૂહ લગ્ન મંડપની અંદર, રાજતીર્થ સોસાયટીની સામે, હડિયોલ રોડ ખાતે સમૂહ લગ્નની તૈયારીઓને આખરી ઓપ આપવા તથા અન્ય સામાજિક બાબતોની ચર્ચા કરવા માટે કરેલ છે. તો આપણી સમાજના તમામ સ્વયંસેવક ભાઈ - બહેનો તથા સમાજના હોદ્દેદારોને આ મિટીંગમાં સમયસર હાજર રહેવા વિનંતી છે. મીટીંગના અંતે સાંજે ભોજન વ્યવસ્થા રાખેલ છે.

આ ઉપરાંત સમાજના હોદ્દેદારોને આજે રાત્રે સમૂહ લગ્ન સ્થળ ઉપર પધારીને કાર્યરત સ્વયંસેવક ભાઈઓનો પ્રોત્સાહિત કરી તેમના ઉત્સાહમાં વધારો કરવા વિનંતી કરવામાં આવે છે.

પ્રમુખશ્રી/મંત્રીશ્રી,
શ્રી ક. ક. કડવા પાટીદાર
લક્ષ્મીનારાયણ સનાતન સમાજ, હિંમતનગર

ગુજરાતમાં મતદાનની ટકાવારીની સરખામણી
ગત વિધાનસભા કરતા સરેરાશ ૦૮ ટકા ઓછું મતદાન

પ્રથમ તબક્કો

જિલ્લાઓ	2017	2022
કચ્છ	64.66	55.54
સુરેન્દ્રનગર	65.82	60.71
મોરબી	73.66	67.65
રાજકોટ	67.28	57.68
જામનગર	64.63	56.09
દ્વારકા	59.77	59.11
પોરબંદર	61.95	53.84
જૂનાગઢ	63.08	56.95
સોમનાથ	73.01	60.46
અમરેલી	61.66	57.06
ભાવનગર	62.02	57.81
બોટાદ	62.47	57.15
સુરત	67.05	59.55
તાપી	79.15	72.32
ડાંગ	73.07	64.84
નવસારી	74.52	65.91
વલસાડ	73.07	65.29
ભરૂચ	73.51	63.08
નર્મદા	80.92	73.02
કુલ મતદાર ની ટકાવારી	68.41	60.20



લાયન્સ ક્લબ ઇન્ટરનેશનલ - ડિસ્ટ્રિક્ટ 3232 F2 ડિસ્ટ્રિક્ટ ચેર પર્સનનો એવોર્ડ. બીલીમોરા ક્લબ

બીલીમોરા લાયન્સ ક્લબ ને એવોર્ડ અપાવનાર ટીમ નાં પ્રેસિડેન્ટ
ભગવાન સાખલા

બીલીમોરા ક્લબ દ્વારા તા. 27/11/2022 ના રોજ સુરત ખાતે ડિસ્ટ્રિક્ટ 3232 F2 ના સાર્થક એવોર્ડ ફંક્શન માં ભગવાનભાઈ સાંખલાને વર્ષ 2021-22 ના વર્ષ દરમિયાન સમગ્ર ડિસ્ટ્રિક્ટની 79 ક્લબોમાં સૌને સાથે રાખી સુંદર સેવા કાર્ય કરવા બદલ ડિસ્ટ્રિક્ટ ચેર પર્સન ના એવોર્ડ થી સન્માનિત કરવામાં આવેલ.

આ સાથે તેમણે લાયન્સ ક્લબ આંતલીયા, બીલીમોરા સમાજ તેમજ સાંખલા પરિવારને ગૌરવ અપાવેલ... ભગવાનભાઈ કચ્છમાં ઉગેડીના સાંખલા પરિવારના લધાભાઈ નાનજીભાઈ સાંખલા ના પુત્ર છે, હાલમાં તેઓ શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ બીલીમોરામાં મહામંત્રી તરીકે સેવા આપી રહ્યા છે....

ભગવાનભાઈ ને લાયન્સ ક્લબ આંતલિયા પરિવાર, શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ પરિવાર તેમજ સનાતન ધર્મ પત્રિકા અભિનંદન પાઠવે છે.

રદ્દી સે સમૃદ્ધિમારો સંકલ્પ રમીલાબેન રવાણી

શ્રી સમાજ નાં વિકાસ અને વ્યવસ્થા અને સનાતની સમજણ નાં અધિવેશન ની સાર્થકતા કાજે મારું અને મારા જીવનસાથી નાં સહજીવન નાં વાર્ષિક પડાવ ને આજે (૪૧ વર્ષ લગ્ન વર્ષ ગાંઠ નિમિત્તે) નાનકડું રદ્દી નું યોગદાન ૫૨૫ KG હું સનાતની શતાબ્દી મહોત્સવ જાજરમાન બને અને આ સંગઠન નાં સેતુ માં મારું યોગદાન અર્પણ કરતા ગૌરવ ની લાગણી અનુભવું છું..

ફેમિલી નબર - ૬૦૬૪૦૫
પરીવાર સભ્ય સંખ્યા.-૬
ગામ હાલ - નાસિક
નામ - રમિલા ખેતસી રવાણી
સેલ નબર - 9370767073
કચ્છ નું ગામ - રસલીયા
સમાજ નું નામ - શ્રી ક ક પાટીદાર સમાજ નાસિકઝોન
સમાજ નું નામ - મદય મહારાષ્ટ્ર ઝોન

ડાકોર સમાજના મહિલા પ્રેમિલાબેન રામાણી ને વંદન અને શ્રદ્ધાજલી



નાં જાણ્યું જાનકી નાથે કાલે શું થવાનું છે.. જાણીએ એક સત્ય ઘટના...

ખેતાભાઈ રામાણી (ઉ.વર્ષ -૭૧) અને પ્રેમીલાબેન રામાણી (ઉ.વર્ષ - ૭૦) ડાકોર ખાતે રહે છે.

જેમનો મત અધિકાર કચ્છમાં મેધપર (તા. લખપત) ખાતે નોંધાયેલ છે. લોકશાહી પર્વની ઉજવણી (મતદાન) માટે અને ભારતના એક સભાન નાગરિક તરીકેની ફરજ બજાવતા મતદાન કરવા માટે આ યુગલ ડાકોરથી કચ્છ ગયા હતા. પરંતુ કુદરતને કઈંક જુદું જ મંજુર હશે તેમ પ્રેમીલાબેનનું તા.30/11/22 ની રાત્રે હૃદયરોગ ના હુમલાથી અવસાન થયેલ હતું. ભગવાન ને જે ગમ્યું તે ખરું. પરંતુ જાગૃત નાગરિક તરીકે મતદાન કરવાની તેમની ખેવના અને લોકશાહીને સહકાર આપવાની તેમની લાગણીને સમસ્ત ડાકોર સમાજ તેમજ સરદાર પટેલ રીજીયન પ્રણામ કરી તેમને શ્રદ્ધાંજલિ અર્પિત કરે છે.

(યુવાસંઘ નર્મદા કાઉન્સિલ)
સરદાર પટેલ રીજીયન
સંતરામ વિભાગ, ડાકોર સમાજ
સંપાદક જીજ્ઞેશ સુરાણી, ડાકોર



સંગઠન શક્તિ અને કોમ્યુનિકેશન નો પ્રભાવ

હુ મારી એક સત્ય ઘટના આપ સાથે મુકું છું.

અમે ગત રોજ રાજકોટ ખાતે જવા નીકળ્યા હતા ને રસ્તામાં નવસારી પહેલાં વલસાડ આસપાસ અમારી ગાડીમાં તાંત્રિક ખામી સર્જાતા અમને કોઈક સર્વિસ સ્ટેશનની રીપેરીંગ ની જરૂરત પડે એવું જણાવ્યું ત્યારે ગૌરાંગભાઈ યુવા સંઘના માજી પ્રમુખ દ્વારા અમને સિસોદ્રા એટલે નવસારી ની પાસે ટોયાટો કંપની નું લોકેશન આપ્યું અને આપણા એક વિરાણી નાં સંકરભાઈનો સમર્ક નંબર પણ આપ્યો અને કહ્યું ટોયોટા માં તરત થાય નાં થાય તો વિરાણી વાળા નો સંપર્ક કરજો જેઓ ને તમારી ખામીની માહિતી આપી છે અને તેઓ તેમાં જરૂરી સ્પેર પાર્ટશ માટે તપાસ કરે છે. આ સક્રિય શંકરભાઈ જેમને અમને બહુ સરસ રીતે સેવા આપી અને અમારા ગાડીને જલ્દી રીપેર કરી અમને ત્યાંથી રજા આપી.

કર્મઠ કાર્યકર નો અનુભવ થયો..

આપ સૌને પણ જ્યારે આ દેશમાં જવા વાળા રોડ ઉપર ગાડી અથવા તો કોઈપણ પ્રકારની ગાડી હોય એમાં ખામી સર્જાય તો જરૂરથી આ શંકરભાઈ દિવાણી (કચ્છમાં ગામ મોટી વિરાણીના) છે અને હમણાં 40 વર્ષથી તેઓ અહીંયા નવસારી ખાતે રહે છે આપ એમનો આ કોન્ટેક નંબર સેવ કરીને રાખશો ક્યારેક પણ કોઈ મુસીબતમાં હોય તો એમને આ નંબર કામ લાગશે જય લક્ષ્મીનારાયણ...

This is Yuva Sangh & Sri Samaaj
કહી ભી કભી ભી
ટીમ પ્રચાર પ્રસાર
કીર્તિ અને હંશા દીવાણી, થાણે નાં જય જલારામ..

પુસ્તકો અંગે વાચકો ને



શ્રીમદ્ ભગવદ્ ગીતા, રામચરિતમાનસ, વિદુરનીતિ, ચાણક્યનીતિ અને કબીરવાણી જેવા પાંચ ગ્રંથોની વર્તમાન જીવન સાથે સંકળાયેલી વાતોને વાર્તાના માધ્યમ દ્વારા સરળતાથી સમજાવતું પુસ્તક "પંચામૃત" પ્રગટ થઈ ચૂક્યું છે.

અત્યાર સુધીના મારા પ્રગટ થયેલા પુસ્તકોમાં પ્રિ- બુકિંગ વખતે સૌથી વધુ અને કલ્પનાતીત રિસ્પોન્સ મળ્યો છે એવું આ પુસ્તક આજથી જ મિત્રોને મળવાનું શરૂ થતાં જ તેના રિવ્યૂ મળવાના પણ શરૂ થઈ ગયા છે જે વાંચીને એક વર્ષની મહેનત ફળીભૂત થઈ હોય એવું લાગે છે. એક જ પુસ્તકમાં ૫ મહાન ગ્રંથોમાંથી બધાને લાગુ પડતી હોય એવી વાતો વીણીને પ્રસ્તુત કરવાનું આ કાર્ય પરમાત્માની કૃપાથી જ સંપન્ન થયું છે.

આપ પણ ઘરે બેઠા આ પુસ્તક મેળવવા માંગતા હોય તો શ્રી યોગેશભાઈ ચોલેરાનો 9824219074 નંબર પર સંપર્ક કરવા વિનંતી. પુસ્તક સંબંધિત બધી માહિતી મળી જશે.

"માનવતા ગૌરવ એવોર્ડ"- ત્વચા દાન તથા દેહ દાન

યુવાસંઘ મુંબઈ રીજીયન તથા મુંબઈ ઝોન સમાજ અંતર્ગત તિલકનગર, ઘાટકોપર વિસ્તારના એવા સ્વર્ગસ્થ જમનાબેન જયંતીલાલ સેંઘાણી જેઓ તા: ૨૬/૧૧/૨૦૨૨ ના સ્વર્ગવાસ પામ્યા હતા તેમની ઈચ્છા મુજબ તેમના પરિવાર દ્વારા ત્વચા દાનના સંકલ્પને પૂર્ણ કરવામાં આવ્યો હતો.

તેમની પ્રાર્થના સભા નિમિતે ગત રોજ તા: ૩૦/૧૧/૨૦૨૨ ના દિવસે ત્વચા તથા દેહ દાતા સ્વ. જમનાબેન જયંતીલાલ સેંઘાણી (મુંબઈ)ને (ફેમિલી ID:૨૪૭૮૪૭) મરણોપરાંત ત્વચા તથા દેહ દાન કરવા બદલ "માનવતા ગૌરવ એવોર્ડ" આપવામાં આવ્યો હતો.

એવોર્ડ મેળવતાં સુપુત્રો અમૃતભાઈ, ધીરજભાઈ, જીતેન્દ્રભાઈ દ્વારા સ્વીકારવામાં આવ્યો હતો.

કચ્છી કડવા જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ મુંબઈના ચેરમેન અરૂણભાઇ નાકરાણી, સહ-મેનેજિંગ ટ્રસ્ટી તેમજ અખિલ ભારતીય કચ્છી કડવા પાટીદાર સમાજ મુંબઈ ઝોન સહમંત્રી જયંતિભાઈ રામજીયાણી, ઘાટકોપર સમાજ ખજાનચી વિરેન્દ્રભાઈ માવાણી તેમજ સહ-ખજાનચી બાબુભાઈ ધોળુ, વિરેન્દ્રભાઇ રામજીયાણીના હસ્તે એવોર્ડ અપાયો હતો.

એવોર્ડનું વાંચન ઘાટકોપર સમાજના પ્રમુખશ્રી તેમજ અખિલ ભારતીય પાટીદાર સમાજના શૌર્ય સંસ્કરણ વ્યક્તિત્વ નિર્માણ સમિતિના કમિશનર મહેન્દ્ર જીવરાજ સેંઘાણી દ્વારા કરવામાં આવ્યું હતું. દેહદાન તેમજ અંગદાન ત્વચા દાન વિશે માહિતી આપી મુંબઈ રીજીયન હેલ્થ એન્ડ ડિઝાસ્ટર મેનેજમેન્ટ સમિતિ કનવિનર અશોક ગોરાણીએ સંકલન કરીને વ્યવસ્થા ઊભી કરી હતી.

સ્વર્ગસ્થના પરિવારે દાન દ્વારા એક મૂર્તિમંત ઉદાહરણ ઊભું કર્યું છે. ઘરની વ્યક્તિ જ્યારે પ્રભુને પ્યારા થાય ત્યારે અંગદાન કરીને પ્રભુના પર્યાય થાય તે જ ખરું દાન છે.

અશોક ગોરાણી
H&D ટીમ લીડર
Yuvasangh-MUR

૧૧૦ વર્ષ નાં લખમાં માં એ કર્યું નવસારી માં મતદાન



૧૧૦ વર્ષ ની ઉમર નાં માં લખમા માં જે કચ્છ નાં મૂળ દયાપર ગામના દિવાણી પરિવાર નાં છે તથા હાલ માં ધોળાપિપળા, જે નવસારી નજીક હાઇવે પર નિવાસી શિવજી રામજી તથા સ્વ.નરશીહ રામજી દિવાણી જેઓ નો વ્યવસાય પાઈપ ફેકટરી વાળા નાં માત્રશ્રી થાય છે. ૧૧૦ વર્ષની ઉંમરે સ્વસ્થ છે. એને તેઓ એ સ્વસ્થ મને મતદાન કર્યું ને ગૌરવ અનુભવ્યું. એમનો ભાવ પ્રગટ થયો પહેલાં નાં જમાના માં આવું નહોતું. મતદાર ને આવી માન સન્માન અને ગૌરવ મળે..આવું તો હવે બને છે અને તે નરેન્દ્ર મોદી ની ટીમ ને આભારી છે...મારો મત વિકાસને આપીશ...

નિલકંઠ ચેમ્પિયન ટ્રોફી પાટીદાર પ્રિમીયર લીગ - ૨૦૨૨ નખત્રાણા-કચ્છ.

ત્રીજી ડિસેમ્બર નાં કરસે મુકાબલો ક્રિકેટ નો યુવાઓ નખત્રાણા નાં ગ્રાઉન્ડ

માંરવાપર vs દેવપર | નખત્રાણા vs ખોંભડી | વિરાણી vs વિથોણ

RUHNATH - NAKHATR... RESULT	UMIYA ELEVEN GADH... RESULT	UMIYA XI-BIDADA RESULT
109/9 (12.0 Ov)	129/8 (12.0 Ov)	166/5 (12.0 Ov)
UMIYA - KOTDA (J)	SATYA-NITYA XI-ANANDSAR	SARDAR XI NANA ANGIYA
113/3 (9.0 Ov)	104/9 (12.0 Ov)	94/10 (10.3 Ov)
UMIYA - KOTDA (J) won by 7 wickets	UMIYA ELEVEN GADHSISA won by 25 runs	UMIYA XI-BIDADA won by 72 runs
Player of the match How? Sagar Nayani (UMIYA - KOTD.. INNINGS INSIGHTS	Player of the match How? Sumit Limbani (UMIYA ELEVEN.. INNINGS INSIGHTS	Player of the match How? Mayur Pokar (UMIYA XI-BIDA.. INNINGS INSIGHTS

BEST PERFORMANCES

Batters	R	B	4s	6s	SR
Sagar Nayani (UMIYA - KOTDA (J))	50	21	4	4	238.10
Naitik Panchani (RUHNATH - NAKHATRANA)	44	19	3	4	231.58
Dhaval Nakrani (UMIYA - KOTDA (J))	28	12	1	3	233.33
Bowlers	**O**	**M**	**R**	**W**	**Eco**
Jigar Harpani (UMIYA - KOTDA (J))	2.0	0	13	3	6.50
Manish Bhagat (UMIYA - KOTDA (J))	3.0	0	21	3	7.00
Hardik Doshani (UMIYA - KOTDA (J))	2.0	0	16	2	8.00

Batters	R	B	4s	6s	SR
Bhavesh P Limbani (SATYA-NITYA XI-ANANDSAR)	62	24	3	7	258.33
Sumit Limbani (UMIYA ELEVEN GADHSISA)	41	15	3	4	273.33
Kishan Senghani (UMIYA ELEVEN GADHSISA)	32	20	6	1	160.00
Bowlers	**O**	**M**	**R**	**W**	**Eco**
Vishal Bhavani (SATYA-NITYA XI-ANANDSAR)	2.0	0	20	3	10.00
Ritesh(raghav) Rud... (UMIYA ELEVEN GADHSISA)	3.0	0	32	3	10.67
Dipesh Nakrani (SATYA-NITYA XI-ANANDSAR)	3.0	0	35	3	11.67

Batters	R	B	4s	6s	SR
Navin Ramani (UMIYA XI-BIDADA)	64	30	8	4	213.33
Tushar Parasiya (SARDAR XI NANA ANGIYA)	44	20	3	4	220.00
Mayur Pokar (UMIYA XI-BIDADA)	31	9	1	4	344.44
Bowlers	**O**	**M**	**R**	**W**	**Eco**
Mayur Senghani (UMIYA XI-BIDADA)	2.0	0	16	3	8.00
Mayur Pokar (UMIYA XI-BIDADA)	2.0	0	5	2	2.50
Parsiya Parth (SARDAR XI NANA ANGIYA)	3.0	0	17	2	5.67

અવસાન નોધ

સ્વ. નરેન્દ્રભાઈ રમણ રૂડાણી ઉમર : 43વર્ષ તા. 01-12-2022 કચ્છ માં : પલીવાડ હાલે : દહેગામ (ગુજરાત)	સ્વ. દિનેશભાઈ વિશ્રામ કેશરાણી (છાભૈયા) ઉમર : 55વર્ષ તા. 02-12-2022 કચ્છ માં : નખત્રાણા (જુનાવાસ) હાલે : રાયપુર	સ્વ. પ્રેમીલાબેન ખેતા રામાણી તા. 30-11-2022 કચ્છમાં : મેધપર (LK) હાલે : ડાકલેર (ગુજરાત)	સ્વ: રામજીભાઈ મેગજીભાઈ સેંઘાણી ઉમર વર્ષ 66 તા. 02-12-2022 કચ્છ માં ગામ ગઢશીશા (MDV) (સ્થાનિક)

ગુજરાતમાં હવે શું થશે ? ૭મીએ જીતનો નવો રેકોર્ડ કે પરિવર્તન !

ભારતીય જનતા પાર્ટી ૨૭ વર્ષથી પોતાનું શાસન જાળવી રાખવાનો પ્રયાસ કરી રહી છે, તો બીજી બાજું કોંગ્રેસે ગામડે-ગામડે જઈને ત્રણ દાયકાના દુષ્કાળને ખતમ કરવાની અપીલ કરી છે. એવામાં આ વખતે અરવિંદ કેજરીવાલના નેતૃત્વમાં આમ આદમી પાર્ટીએ પણ તમામ સીટો પર ઉમેદવારો ઊભા રાખ્યા છે અને મોટા પરિવર્તનનો દાવો કર્યો છે. ત્યારે હવે જોવાનું એ રહ્યું કે, આખરે ૮ ડિસેમ્બરના રોજ કયો પક્ષ ગુજરાતમાં બાજી મારી જશે ? મહત્વનું છે કે, રાજ્યમાં બીજા તબક્કાનું મતદાન ૫ ડિસેમ્બરે યોજાશે અને ૮મી ડિસેમ્બરે પરિણામ આવશે. ૧૮૨ સભ્યોની વિધાનસભામાં બહુમત માટે ૯૨ સીટોની જરૂર છે. ૨૦૧૭માં ભાજપે ૯૯ અને કોંગ્રેસે ૭૭ બેઠકો કબજે કરી હતી.

ગુણાતીતપૂર માં કર્યું મતદાન એક નિષ્ઠા મારો મત કચ્છ નાં વિકાસ કરનાર વિકાસ પુરુષ ને અર્પણ સુરેશ ભગત યુવાસંઘ કચ્છ રીજીયન ચેરમેન,
કચ્છ માં ગામ આણંદપર (યક્ષ)
હાલે: ડોમ્બિવલી (મુંબઈ)

અબડાસા વિધાનસભા સીટ નું મતદાન કરવા ખાસ કડોદરા સુરત સમાજ નાં સહમંત્રી હિંમત પોકાર કચ્છ વાલકા ગામે મતદાન કરી પોતાના મત નું કમલમ કરવામાં આવ્